## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




બાબો નાનો છે એ સમજુ છું... પણ એને બોલતા પછી શીખવશું... અત્યારે તેને મોબાઈલ આપીને મેસેજથી વાત કરતો કરી દઈએ....!!

# છત્રાલમાં ઘીની ફેક્ટરી પર એલસીબીનો દરોડો

**ગાયનું બનાવટી ઘી ફેક્ટરીમાં બનતું હોવાની બાતમી આધારે દરોડો પાડ્યો : ગાયના ઘીના સ્ટીકરનો જથ્થો મળ્યો : ફેક્ટરીમાંથી વનસ્પતિ તેલ, પામ ઓઇલ, સોયાબીન તેલ તથા ફૂડ કલરનો જથ્થો મળ્યો : એફ.એસ.એલ.માં સેમ્પલ મોકલાયા : એફએસએલ રિપોર્ટ આવ્યા બાદ ગુનો દાખલ કરવા અંગે નિર્ણય લેવાશે : જાણવાજોગ નોંધી એલસીબીએ તપાસ આરંભી**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા છત્રાલ જીઆઈડીસી માં ગાયના બનાવટી ઘી ની ફેક્ટરી ધમધમતી હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબી ટીમે ગઈ મોડી સાંજે દરોડો પાડયો હતો. એલસીબીએ ફેક્ટરીમાં દરોડો પાડીને ફેક્ટરીમાંથી વનસ્પતિ તેલ, પામ ઓઈલ, સોયાબીન તેલ તથા ફૂડ કલર સહિતનો જથ્થો પકડી પાડ્યો હતો. એલસીબીની ટીમે આ ફેક્ટરીમાંથી પકડેલા મુદ્દામાલના સેમ્પલ લઈ ચકાસણી અર્થે એફએસએલમાં મોકલી આપ્યા છે. ગાંધીનગર એલસીબીએ ફેક્ટરી માલિકનુ ઈન્ટ્રોગેશન કરીને જાણવાજોગ દાખલ કરી ઝીણવટ ભરી તપાસ શરૂ કરી છે. બનાવટી ઘી સંદર્ભે એફએસએલનો રિપોર્ટ આવ્યા બાદ આ મામલે ગુનો દાખલ કરવા અંગેનો નિર્ણય લેવામાં આવશે.

ગાંધીનગર એલસીબી પીઆઈ નિરજ પટેલની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે છત્રાલ જીઆઈડીસીમાં ભુમિ પ્રોડક્ટ નામથી બનાવટી ઘી બનાવી તેનો વેપલો કરવામાં આવે છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે ફેક્ટરી પર દરોડો પાડયો હતો. ફેક્ટરી પર હાજર માલિક ગૌરવ રમણીકભાઈ મોદીને પકડીને પોલીસને ઈન્ટ્રોગેશન કરતા તેણે નિવેદન આપ્યું હતું કે વનસ્પતિ તેલ, પામ ઓઈલ, કર્નલ પામ, સોયાબીન તેલ તથા ફૂડ કલર નાખી મશીનની પ્રોસેસ કરીને ઈન્ટર એસ્ટીફાઈડ વેજ ફેટ બનાવીએ છીએ.

જો કે પોલીસ દ્વારા આ પ્રોસેસ બંધ કરાવી એફએસએલ અધિકારી તથા ફૂડ સેફટી અધિકારીને શંકાસ્પદ ફેક્ટરી પર બોલાવી લેવામાં આવ્યા હતા. બંને નિષ્ણાત અધિકારીઓએ ચકાસણી શરૂ કરી મહાકોશ ફ્યુચર ફીટ વનસ્પતિ, ન્યુટ્રીલીવ ગોલ્ડ રિફાઈન્ડ પામોલીન, રજની પામ કર્નલ, ફૂડ કલર ના કેરબા, સોયાબીનના ડબા, ઈન્ટરએસ્ટીફાઈડ વેજફેટના ડબાઓમાંથી ૫૦૦-૫૦૦ ગ્રામના બે સેમ્પલ મળી કુલ ૧૨ સેમ્પલ લીધા હતા. જેમાંથી ૬ સેમ્પલ એફએસએલમાં તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે જ્યારે ૬ સેમ્પલ રિઝર્વ રાખી પોલીસે જાણવાજોગ દાખલ કરી છે. એ ફેશનનું રિપોર્ટ આવ્યા બાદ નકલી ઘી ની ફેક્ટરી મામલે ગુનો દાખલ કરવા અંગે નિર્ણય લેવામાં આવશે. જોકે સ્થાનિકો પાસેથી મળતી માહિતી મુજબ ત્યાં ગાયના ઘીની સુગંધ આવતી હોય છે અને ફેક્ટરી હંમેશા બંધ રાખીને ચલાવવામાં આવે છે. એટલે કે ગાયના ઘી ની સુગંધ લાવવા માટે વપરાતા કેમિકલનો ઉપયોગ કરી આ બનાવટી ઘી બનાવીને તેનો વેપલો કરવામાં આવતો હોવાની આશંકા પ્રબળ બની છે.




## પેથાપુરનો લીસ્ટેડ ગેમ્બલર પાસા હેઠળ ધકેલાયો

પેથાપુર પોલીસ સ્ટેશનની હદમાં સક્રિય ગેમ્બલરને પાસા હેઠળ ધકેલીને તેની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવી છે. જિલ્લા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાની સુચનાથી જિલ્લાના અસામાજિક તત્વો સામે પ્રિવેન્શન અગેઈન્સ્ટ એન્ટી સોશિયલ એક્ટિવિટી(પાસા) ની દરખાસ્ત કરવા એલ.સી.બી.ને સૂચના આપી હતી. એલ.સી.બી પી.આઈ તરલ ભટ્ટની સૂચનાથી હેડ કોન્સ્ટેબલ વિરભદ્રસિંહે પેથાપુરના કસ્બા વિસ્તારમાં રહેતા લીસ્ટેડ ગેમ્બલર મુસ્તુફા ઉર્ફે અહેમદ બાબુખાન પઠાણ સામે પાસાની દરખાસ્ત તૈયાર કરીને જિલ્લા મેજિસ્ટ્રેટ એસ.કે.લાંગા તરફ દરખાસ્ત મોકલી આપી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટે આ ગેમ્બલર સામેના પાસા અટકાયતી હુકમ ઈસ્યુ કરતા એલસીબીની ટીમે ગઈકાલે પાસા અટકાયતિ હુકમોની બજવણી કરી હતી અને આરોપી મુસ્તુફાને વડોદરા સેન્ટ્રલ જેલમાં યોગ્ય પોલીસ જાપ્તા હેઠળ મોકલી દીધો હતા.

# એક મહિના પહેલા વાવોલમાંથી મોબાઈલ ચોરી જનાર શખ્સ ઝડપાયો

**વાવોલ પેટ્રોલ પંપ નજીકની કિટલી પાસે ચાર્જિંગમાં મુકેલો મોબાઈલ ચોરીને ગઠિયો ફરાર થઈ ગયો હતો**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામના પેટ્રોલ પંપ પાસે આવેલી ચાની કીટલી નજીકથી એક મહિના પહેલા મોબાઈલ ચોરીની ઘટના બની હતી. ગાંધીનગર એલસીબીની ટીમે આ એલસીબીની ટીમે આરોપીની ધરપકડ કરીને મોબાઈલ ચોર સેક્ટર-૭ પોલીસને હવાલે કર્યો છે.

વાવોલના શાંતીવન ફલેટમાં રહેતાં નિકુલકુમાર ભુપતસિંહ રાઠોડે ૫ ડિસેમ્બરે ગોકુલપુરા પેટ્રોલપંપ પાસે પોતાની ચાની કિટલી બાજુ શ્રીજી દાલબાટી દુકાનની બહારના ભાગે હોલ્ડરમાં મોબાઈલ ચાર્જિંગમાં મુક્યો હતો ત્યારે મોબાઈલ ચોરાઈ ગયો હતો. એલસીબીની ટીમ પીઆઈ તરલ ભટ્ટના માર્ગદર્શનમાં એક ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ જયવિરસિંહ નટવરસિંહને માહિતી મળી હતી કે, સેક્ટર-૧૧માં એક શખ્સ ચોરીનો મોબાઈલ વેચવા ફરે છે. જેના આધારે એલસીબીની ટીમે સુમન ટાવર પાછળ આવેલા મેદાનમાંથી નવા વાડજના જવાહરનગર છાપરામા રહેતા જીગ્નેશ દિનેશભાઈ મારવાડીને દબોચી લીધો હતો. તેની પાસેથી ૧૦ હજારની કિંમતનો સેમસંગ કંપનીનો મોબાઈલ મળી આવ્યો હતો, જે તેણે એક માસ પહેલાં વાવોલમાંથી ચોર્યો હતો. ૫ ડિસેમ્બરના રોજ આરોપી પોતાની સીએનજી રીક્ષામાં પેસેન્જર લઈને નીકળ્યો હતો અને વાવોલ ખાતે ચા-પાણી કરવા ઉભો રહ્યો હતો. આ સમયે તેણે દુકાન પાસે ચાર્જિંગમાં પડેલો મોબાઈલ દુકાન માલિકની નજર ચુકવીને ઉઠાવી લીધો હતો. તેને પૈસાની જરૂરિયાત ઉભી થતા શનિવારે તે મોબાઈલ વેચવા નીકળ્યો હતો.




મોબાઈલ ચોરને દબોચી લીધો છે. ચોરીના મોબાઈલ સાથે પકડાઈ ગયેલા આ આરોપીએ કબૂલાત કરી છે કે તેણે ચાર્જિંગમાં પડેલો મોબાઈલ ચોરી લીધો હતો.

# લિંબચ પરિવાર સે-૨ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે

શ્રી લિંબચ પરિવાર સેકટર-૨ ગાંધીનગરનો સ્નેહમિલન અને તેજસ્વી તારલાઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ તા. ૬ જાન્યુઆરીને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે ઘ-૧ બસ સ્ટેન્ડ પાસે ચેહર માતાજી મંદિર ખાતે યોજાશે. આ પ્રસંગે નિવૃત થયેલા રશ્મિબેન સૂર્યકાંતભાઈ પારેખ અને નવી નિમણુંક પામેલા ધવલકુમાર જયંતિલાલ શર્માને સન્માનિત કરવામાં આવશે. સમારંભના મુખ્ય મહેમાન તરીકે હેમરાજભાઈ પાડલીયા તેમજ અતિથિ વિશેષ તરીકે મનપાના કોર્પોરેટર નરેશભાઈ પરમાર, જે.પી.નાયી, કેશુભાઈ બી નાયી, ધીરુભાઈ એ.લિંબાચીયા હાજર રહેશે. જયારે સેકટર-૨ લિંબચ પરિવારના સભ્યોને સપરિવાર હાજર રહેવા સંસ્થાના પ્રમુખ ગણેશભાઈ કે.પારેખ અને મંત્રી સુરેશચંદ્ર બી.નાયી એ અનુરોધ કર્યો છે.

## આવતીકાલે શહેર જાગૃત નાગરીક પરિષદની બેઠક યોજાશે

ગાંધીનગર શહેર જાગૃત નાગરીક પરિષદની બેઠક તા. ૭ જાન્યુઆરીને સોમવારના રોજ કાર્યકારી પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીના અધ્યક્ષ સ્થાને બપોરના ચાર કલાકે સેકટર-૨૧ નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે. જેમાં પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે. તો સંસ્થાના સભ્યો પદાધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યોને બેઠકમાં હાજરી આપવા મહામંત્રી નિરંજન ઓઝાએ અનુરોધ કર્યો છે.

## સંત રોહિદાસ સેવા સમાજની સાધારણ સભા યોજાશે

સંત રોહિદાસ સેવા સમાજ ગાંધીનગરની ખાસ સાધારણ સભા તા. ૧૨ જાન્યુઆરીને શનિવારના રોજ બપોરના ૧ કલાકે સંસ્થાના પરિસરમાં રાખવામાં આવી છે. તો સંસ્થાના આજીવન સભ્યોને અચુક હાજર રહેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

# લખપત અને બેટ દ્વારકાની ગુરૂદ્વારાનું નવીનીકરણ કરાશે

ગાંધીનગર, તા.૫

ગુજરાત રાજયના કચ્છ જિલ્લામાં પાકિસ્તાન સરહદની નજીક આવેલા લખપત ખાતે યુનોસ્કો દ્વારા હેરીટેજ કન્ઝર્વેશનનો એવોર્ડ પામેલા ગુરૂદ્વારા પહેલી પાતશાહી કે જયાં શીખ ધર્મના સ્થાપક શ્રી ગુરૂનાનક દેવજી થોડા સમય માટે રોકાયેલ તેના નવીનીકરણ અને વિસ્તારના કાર્યનું ખાર્ત મુહુર્ત તાજેતરમાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે લખપત ગુરુદ્વારા ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શીખ સમાજના સંત શ્રી બાબા લકાસીંઘજી, મંત્રી વાસણભાઈ આહીર,સંસદસભ્ય વિનોદભાઈ ચાવડા, ગુજરાત અલ્પસંખ્યક અને નાણા વિભાગના નિયામક પરમજીતકૌર છાબડા, લખપત ગુરુદ્વારાના પ્રમુખ જુગરાજસીંઘ અને લખપત વિસ્તાર તેમજ સમગ્ર ગુજરાતના શીખ સમાજના ભાઈ બહેનો હજાર રહ્યા હતા. ગુરુદ્વારાના નવીનીકરણ માટે વિશ્વ પ્રસિધ્ધ શીખ રુજીતસીંગ મથારૂની નિમણુંક કરવામાં આવી છે. જયારે સમગ્ર કાર્ય સંત બાબા લખાસીંઘજીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે.

કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી દ્વારા બેટ દ્વારકા ખાતેના ભાઈ મોહકમસીંઘજી ગુરુદ્વારાનું ડીઝીટલ ખાતમુહુર્ત કરવામાં આવ્યું. લખપત અને બેટ-દ્વારકાના નવીનીકરણથી ગુજરાતમાં શીખ યાત્રાળુઓની સંખ્યામાં ભારે વધારો થશે. આ બંને સ્થળોના નવીનીકરણ માટે ગુજરાત સરકાર દ્વારા રૂપીયા પાંચ-પાંચ કરોડનું અનુદાન કરવામાં આવેલ છે. ખાત મુહુર્ત વખતે મુખ્યમંત્રી દ્વારા કરા સેવા કરવામાં આવી અને અન્ય આગેવાનોએ શીખ સંગત સાથે લંગર પ્રસાદ ગ્રહણ કર્યો. આ પ્રસંગે મુખ્યમંત્રી દ્વારા જાહેર કરવામાં આવ્યું કે તા.૨૪ ફ્રેબુઆરીના રોજ અમદાવાદ ખાતેથી ગુરૂનાનક દેવજીના ૫૫૦ વર્ષની જન્મજયંતિની ઉજવણી ધામધુમથી સરકાર દ્વારા શીખ સમાજને સાથે રાખી કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પરમજીત કૌર છાબડા, જુગરાજસીંઘ અને કોર કમિટીના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# કલોલમાં સ્વામિનારાયણ ગુરૂકુળનો રજત જયંતિ સમારોહ

**સત્તાને સેવાનું માધ્યમ બનાવી શિક્ષણ-આરોગ્ય-દરિદ્રનારાયણ ઉત્થાન સહિત જનકલ્યાણ કાર્યોથી સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે : મુખ્યમંત્રી**

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્ય સરકાર સત્તાને સેવાનું માધ્યમ બનાવી જન જનના શિક્ષણ-આરોગ્ય સહિતના કલ્યાણ કાર્યો અને દરિદ્રનારાયણના ઉત્થાન સાથે સર્વગ્રાહી વિકાસ માટે સંકલ્પબદ્ધ છે તેમ સ્પષ્ટપણે જણાવ્યું છે. વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના વિકાસમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોની ભૂમિકા ઉલ્લેખનીય રહી છે તેવો મત પણ વ્યક્ત કર્યો હતો.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે વ્યસનમુક્તિ, શિક્ષણ, આરોગ્ય, સદાચાર અને સંસ્કાર સિંચનનું વ્યાપક જન અભિયાન આ સંપ્રદાયના સંતો લોકો વચ્ચે જઈને સત્સંગ, ગુરૂકુળો-વિદ્યાધામો દ્વારા પ્રસરાવી રહ્યાં છે તે આત્માને પરમાત્મા ભણી પ્રેરિત કરવાનો સદમાર્ગ છે.

મુખ્યમંત્રી કલોલમાં સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરૂકુળ સંસ્થાના રજત જયંતિ અવસરે યોજાયેલા શ્રીમદ સત્સંગીજીવન પંચાહ્ન પારાયણમાં ઉપસ્થિત ભક્ત સમુદાયને સંબોધન કરી રહ્યા હતાં.




તેમણે આ અવસરે સંસ્થા સંચાલિત મલ્ટિ-સ્પેશ્યાલિટી હોસ્પિટલના લેમિનાર ઓપરેશન થિયેટરને પણ ખુલ્લું મૂક્યું હતું.

તેમણે દરિદ્રનારાયણ, વંચિત, પીડિત, શોષિત અને સમાજના જરૂરતમંદ વર્ગોને મોંઘી ખર્ચાળ સારવારના અભાવે માંદગીના બિછાને પડ્યા રહેવું ન પડે તેવા ઉદાત ભાવથી પ્રધાનમંત્રીએ આયુષ્માન ભારત તહેત આરોગ્યરક્ષા કવચ આપ્યું છે તેની ભૂમિકા આપી હતી.

ગુજરાતમાં પણ મા અમૃતમ્ - વાત્સલ્ય યોજના, જનઔષધિ કેન્દ્રો તેમજ કિડની-લિવર-હૃદયના ગંભીર રોગ માટે ૩ થી ૪ લાખ સુધીની સારવાર સહાયની છણાવટ તેમણે કરી હતી. ગરીબો માટે પાંચ વર્ષમાં ૨૫ લાખ આવાસ નિર્માણની પણ વિગતો આપી હતી. ૨૦૨૨ સુધીમાં દરેક વ્યક્તિને આવાસ છત્રની પ્રધાનમંત્રીની નેમ ગુજરાત સાકાર કરવા આગળ વધી રહ્યું છે.

વિજયભાઈ રૂપાણીએ સ્વામિનારાયણ સંપ્રદાય પણ સૌના આરોગ્યની ખેવના સાથે સારવાર-સુશ્રુષાનું જે ઈશ્વરીય કાર્ય કોઈ જ સ્વાર્થભાવ વિના કરે છે તેની પ્રશંસા કરી હતી. તેમણે સંતશક્તિના આશિષથી ગુજરાતની સર્વગ્રાહી વિકાસયાત્રા અવિરત આગળ ધપતી રહેશે તેવી વાંચ્છના કરી હતી.

શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરૂકુળ સંસ્થાના ચેરમેન શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી મહારાજે મહાનુભાવોનું સ્વાગત કરીને તેમના સારા સ્વાસ્થ્ય અને સમાજ સેવાના કાર્ય કરવા ભગવાન વધુ શકિત આપે તેવા આશીર્વચન પાઠવ્યાં હતાં.

સત્સંગ મહાસભાના પ્રમુખ નૌતમસ્વામીએ જણાવ્યું હતું કે ભગવાન સ્વામિનારાયણનો સંદેશ સર્વહિતાયનો છે.




ભાવનગર ખાતે યોજાયેલા ખેલ મહાકુંભના પુર્ણાહુતિ પ્રસંગે તેજસ્વી ખેલાડીઓને વિશેષ પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ખેલાડીઓને નવાજ્યા હતા. ગાંધીનગરના દિવ્યાંગ રમતવીરોને પણ ખેલ પ્રતિભા પુરસ્કાર એનાયત કરાયો હતો. જેમાં પેરા એશિયન ગેમ્સ બેડમિન્ટનમાં પારૂલ ડી પરમાર, ટેબલ ટેનિસમાં ભાવિના એચ પટેલ તેમજ સોનલ એમ પટેલને દિવ્યાંગ ખેલ પ્રતિભા પુરસ્કાર એનાયત કરાયો હતો.

# ગુજરાતમાં કોંગ્રેસનું લોકસભાની ૨૬ પૈકી ૧૩ બેઠક જીતવાનું લક્ષ્ય

અમદાવાદ,તા.૫

ગુજરાતની ૨૬ લોકસભા સીટોમાંથી કોંગ્રેસે મિશન-૧૩ નો પ્લાન બનાવ્યો છે. પાર્ટીએ ગુજરાત રાજયમાં આ સીટોની ઓળખ પણ કરી લીધી છે કે જ્યાંથી તેને જીતની આશા છે. કોંગ્રેસે આ માટે જમીની સ્તર પર કામ કરવુ શરૂ કરી દીધુ છે. એટલું જ નહી, કોંગ્રેસ દ્વારા ગયા વર્ષે રાજ્યમાં થયેલ વિધાનસભા ચૂંટણીમાં ભાજપને જીતવામાં પરસેવો પડી ગયો હતો અને ૧૦૦નો આંકડો પણ ન અડી શકી. બીજી બાજુ કોંગ્રેસ બીજેપીથી માત્ર ૯ સીટ પાછળ રહી ગઈ હતી. એટલું જ નહી, દેશમાં અન્ય રાજયોમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીઓમાં પણ ભાજપનો સફાયો કરી કોંગ્રેસ સત્તા આંચકી લેતાં કોંગ્રેસનું નૈતિક મનોબળ હાલ ઉંચુ આવ્યું છે. અલબત્ત જસદણની ગઢ સમાન બેઠક ગુમાવવાનો રંજ કોંગ્રેસને હજુ પણ છે પરંતુ સ્થાનિક નેતાગીરી અને કોંગી હાઈકમાન્ડે તેના આઘાતમાંથી બહાર આવીને લોકસભાની ચૂંટણી પર ધ્યાન કેન્દ્રિત કરવા અને ગુજરાતની ૨૬ લોકસભા બેઠકોમાંથી મહત્તમ બેઠકો કબ્જે કરવા નિર્દેશ જારી કર્યા છે. ગુજરાતની આગામી લોકસભા ચૂંટણીને લઈ કોંગ્રેસ જે ૧૩ લોકસભા સીટો પર જીતની આશા લગાવી છે તેમાં રાજયની આણંદ, અમરેલી, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, જૂનાગઢ, દાહોદ, બારડોલી, સુરેન્દ્રનગર, જામનગર, પોરબંદર, ભરૂચ અને મહેસાણા લોકસભા સીટનો સમાવેશ થાય છે. કોંગ્રેસ દ્વારા આ ૧૩ સંસદીય સીટોની ઓળખ છેલ્લા બે વિધાનસભા ચૂંટણી અને બે લોકસભા ચૂંટણીના પરિણામોને ઝીણવટભર્યો અભ્યાસ કર્યા પછી કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ગ્રામીણ વિસ્તારોમાં કોંગ્રેસ ખૂબ સારા પરિણામો લાવવામાં સફળ રહી હતી. આ રણનીતિના હેઠળ લોકસભા ચૂંટણીમાં પણ ગ્રામીણ વિસ્તારની સીટો પર કોંગ્રેસે ફોક્સ કર્યુ છે. ખેડૂત પાટીદાર દલિત અને ગ્રામીણ વિસ્તારના વોટરોને પોતાના સાથે જોડવા માટે પાર્ટી કાયદેસર રણનીતિ બનાવવામાં લાગી છે. કોંગ્રેસે લોકસભા સીટ હેઠળ આવનારા દરેક વિધાનસભા સીટ પર ગુજરાત કોંગ્રેસ કમિટીના એક સચિવની નિમણૂક કરી છે. આ સચિવને બૂથ સ્તર પર કાર્યકર્તા શોધ કરવા અને તેમને ટ્રેનિંગ આપીને કામે લગાવવાની જવાબદારી સોંપવામાં આવી છે. એટલુ જ નહી દરેક સક્રિય કાર્યકર્તાની ઓળખ કરવી અને તેમની મીટિંગ કરવાની જવાબદારી આપવામાં આવી છે. આ યોજના હેઠળ એક વિધાનસભામા લગભગ ૨૭૦ બૂથ પર મજબૂત કાર્યકર્તા લગાવવાના છે.

ટચૂકડી જાહેર ખબર

**Required**

Teachers Required For Preschool

: Contact :
7573013407

## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ દ્વારા અમો અમરતબેન ભૂપતાજી મંગાજી ઠાકોરની દીકરી અને ઠાકોર રામાજી સમોજીના પત્ની, રહે. વીરાતલાવડી, તા. જી. ગાંધીનગરનાઓ તમો જશુજી શકરાજી ઠાકોર, રહે. રાજપુર, ચેખલારાણી, તા.જી. ગાંધીનગરનાઓને આ જાહેર નોટીસ દ્વારા લખી જણાવીએ છીએ કે તમો ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર તાલુકા ગાંધીનગરના મોજે ગામ - ધોળાકુવાની સર્વે નં. ૫૯ પૈકી વાળી જમીનમાં અમારા વડીલ મૈયત ભુપતાજી મંગાજી ઠાકોરના વારસાઈ હક્કે અમારા હક્કોનો ઉપયોગ / ઉપભોગ કરવા સારૂ એક ઈરીવોકેબલ જનરલ પાવર ઓફ એટર્ની તા. ૨૨/૬/૨૦૧૮ના રોજ નોટરી રૂબરૂ અમોએ તમોને લખી આપી મોજે ધોળાકુવાની સદર જમીન અંગે કુલમુખત્યારનામામાં જણાવેલ કામો કરવા નીમેલા છે. તમોએ આ જમીન અંગેના કેસોમાં ગંભીર બેદરકારી દર્શાવી સદ જમીનમાં રહેલા અમારા હિતોને ગંભીર નુકસાન પહોંચાડેલ છે. તેતી હવે તમારા પર અમારો ભરોસો રહ્યો નથી પણ અવિશ્વાસ છે. માટે હવે અમારા કુલમુખત્યાર તરીકે આ જાહેર નોટીસથી અને ડેકલેરેશન કરી તમને છુટા કરીએ છીએ તેથી તમો હવે પછી સદરહુ કુલમુખત્યારનામાના આધારે સદરહુ જમીન બાબતે કોઈપણ કેસમાં કોઈ કામગીરી કરવાની નથી. હવે સદરહુ જમીનમાં અમારા કોઈ હક્કો પણ રહ્યા નથી તેની આ જાહેર નોટીસથી ચેતવણી આપીએ છીએ. તેની નોંધ લેશોજી.

**આજ તા. ૪/૧/૧૯ મધ્યે ગાંધીનગર**

**નોટીસ આપનાર**
**(અંગુઠો)**
**અમરતબેન ભૂપતાજી ઠાકોર તે ઠાકોર રામાજી સોમાજીની પત્ની**

**સહી/-**
**વિષ્ણુજી ફુલાજી ઠાકોર**
**અમરતબેન ભૂપતાજી ઠાકોરએ ઠાકોર રામાજી સોમાજીની પત્નીના ડાબા હાથના અંગુઠાનું નિશાન મારી રૂબરૂ**

# સીએના પ્રોફેશનમાં નૈતિકતા જરૂરી છે : શાહનો અભિપ્રાય

અમદાવાદ,તા. ૫

ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)ની ડબલ્યુઆઈઆરસીની અમદાવાદ બ્રાન્ચ દ્વારા આજથી તા. ૫ અને ૬ જાન્યુઆરી ૨૦૧૯નાં રોજ આયોજિત અમદાવાદ શહેરમાં સૌપ્રથમવાર આંતરરાષ્ટ્રીય સીએ સ્ટુડન્ટસ કોન્ફરન્સનો આજથી વિધિવત્ પ્રારંભ થયો હતો. અમદાવાદમાં શેલા ગામ પાસે ધ કેપિટલ કલબ ઓ સેવન ખાતે યોજાયેલી આ બે દિવસીય કોન્ફરન્સનું ઉદ્દ્ઘાટન આજે કેન્દ્રનાં વાણિજય અને ઉદ્યોગ તેમજ નાગરિક ઉડ્ડયન વિભાગનાં મંત્રી સીએ સુરેશ પ્રભુ, સુપ્રિમ કોર્ટનાં જસ્ટીસ શ્રી એમ.આર.શાહ અને આઈટીએટીનાં પ્રેસિડેન્ટ શ્રી પી.પી.ભટ્ટ સહિતના મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુપ્રીમકોર્ટના જસ્ટિસ શ્રી એમ.આર.શાહે ખૂબ મોટી સંખ્યામાં હાજર રહેલા સીએ સ્ટુડન્ટસને સંબોધતાં જણાવ્યું હતું કે, સીએનો પ્રોફેશન એ બહુ ઉમદા વ્યવસાય છે.